**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૭.૫ ડીગ્રી
લઘુતમ : ૨૮.૦ ડીગ્રી
ભેજ
સવારે ૭૬ ટકા ● સાંજે ૪૬ ટકા

# શહેરનું જનજીવન વિશ્વાસ સાથે વધુ જીવંત બન્યું

## સરકારી કચેરીઓમાં કર્મચારીઓની હાજરીમાં વધારો નોંધાયો : બજારમાં પણ તમામ વેપાર-ધંધામાં ધીમી શરૂઆત થતી અનુભવાઈ : માર્ગો પર ટ્રાફિકમાં પણ વધારો થયો

ગાંધીનગર, તા.૨૪

આજે સોમવારથી શરૂ થયેલા મે માસના આખરી સપ્તાહમાં ઘણા દિવસો પછી પાટનગરનું જનજીવન જીવંત બન્યું હોય તેવું અનુભવાયું હતું. શહેરની સરકારી કચેરીમાં કર્મચારીઓની હાજરીમાં વધારો જોવા મળવા સાથે માર્ગો પર પણ ટ્રાફિકમાં વધારો અને બજારોમાં પણ થોડો પ્રોત્સાહક માહોલ જોવા મળ્યો હતો કોરોના સંક્રમણની બીજી લહેરની ઘાતકતા ઓછી થવાને પગલે અપાયેલી આંશિક અનલોકની છુટછાટમાં ગત સપ્તાહે જે નિરાશાજનક વાતાવરણ તથા સુસ્તી અનુભવાઈ રહી હતી તેની સાપેક્ષે આજથી રોજીંદા જીવનનો વિશ્વાસ પરત ફરી રહ્યો હોવાનું દેખાતું હતું. જો કે




હજુ પણ કોરોનાના ઓછાયા સાથે બ્લેક ફંગસના વધી રહેલા કેસની સંખ્યાનો ભય પણ વર્તાઈ રહ્યો છે.

કોરોના કહેરની બીજી લહેરમાં જે રીતે માર્ચ-એપ્રિલ માસમાં ગાંધીનગરમાં અત્યંત ચિંતાજનક અને ડરામણી સ્થિતિ સર્જાઈ હતી તેના પછી લાદવામાં આવેલા ઘોષિત-અઘોષિત નિયંત્રણો અને પ્રજામાં વ્યાપેલો ડર વગેરેના પ્રભાવ તળે સમગ્ર જનજીવન જાણે મૃતઃપ્રાય બની જવા પામ્યું હતું અને ચારેકોર એક નિરાશાની સ્થિતિ પ્રસરવા પામી હતી. આ સ્થિતિ મે માસના પ્રથમ પખવાડિયામાં પણ વધતે ઓછે અંશે યથાવત રહી હતી અને બજારો બંધ હોવા સાથે સચિવાલયથી માંડીને સરકારી ભવનો સહિતની સરકારી કચેરીઓમાં સ્ટાફની હાજરી પણ તદ્દન પાંખી રહી હતી તેમજ કામકાજ લગભગ ઠપ્પ થઈ જવા પામ્યા હતા. ગત સપ્તાહના મધ્યથી અપાયેલી આંશિક અનલોકની છુટછાટો પછી પણ કેટલાંક નિશ્ચિત વેપાર-ધંધા સિવાય બધે વાતાવરણ શુષ્ક જ રહ્યું હતું જેનું કારણ લગભગ દરેક શહેરીજન પોતાના પરિવાર, સમાજ કે મિત્ર વર્તુળમાં સંક્રમણના કેસોમાં અટવાયેલા હતા.

અત્યારે સંક્રમણ ઘટવા સાથે ઓકિસજન વગેરેની જરૂરિયાતવાળી જોખમી સ્થિતિમાં રાહત થતાં શહેરીજનોના માથેથી ચિંતાનો બોજ ઘટતો જણાય છે. જો કે મ્યુકોરમાઈકોસિસના વધેલા કેસોથી નવી ફડક જરૂર પેસી છે પરંતુ એકંદરે અનેક નાગરિકોના કોરોન્ટાઈન પિરીયડ પણ પુરા થયા છે અને મોટી સંખ્યામાં દર્દીઓ હોસ્પિટલમાંથી કોરોનામાંથી સાજા થઈને પરત ફરી રહ્યા છે જેના કારણે વિશ્વાસભર્યા વાતાવરણમાં વધારો થવા પામ્યો છે જેની સીધી અસર જનજીવન પર પડી છે અને પુનઃ ઉત્સાહનો ધીમો સંચાર થતો જણાઈ રહ્યો છે.

### શહેરીજનોમાં કોવિડ મેનર્સના પાલન અંગે ગંભીરતા વધી

**અગાઉના લોકડાઉન તેમજ કોરોના સંક્રમણની બીજી લહેર સુધી શહેરીજનોમાં કોવિડ મેનર્સ એટલે કે માસ્ક યોગ્ય રીતે પહેરવું, સોશિયલ ડિસ્ટન્સ જાળવવું, સેનેટાઈઝરનો ઉપયોગ કરવો, બીનજરૂરી રખડપટ્ટી ના કરવી, ટોળામાં જવાનું ટાળવું જેવી બાબતો પ્રત્યે બેદરકારી અનુભવાતી હતી અને માસ્ક તો જાણે પોલીસના દંડથી બચવા જ પહેરવાનું હોય તેવી સ્થિતિ હતી પરંતુ બીજી લહેરની સર્જાયેલી ઘાતક સ્થિતિ પછી હવે શહેરીજનોમાં કોરોનાનો ડર સ્પષ્ટ અનુભવાઈ રહ્યો છે એમાં પણ કોરોનાના દર્દીઓમાં વધેલા બ્લેક ફંગસના જોખમને કારણે શહેરીજનો હવે 'કોવિડ મેનર્સ'ના પાલન બાબતે ગંભીર બન્યા છે.**

## એકયુપ્રેશર વડે તમે જ તમારા ડૉકટર બનો ઓનલાઈન કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૨૪

ભારત સરકારના આયુર્વેદિક મંત્રાલય અને સ્વાસ્થ્ય વિભાગના માર્ગદર્શનથી આયુર્વેદિક મેડીકલ ઓફિસર ધૃતિબેન ગોસાઈના સહકારથી યોજાયલા ઓનલાઈન એકયુપ્રેશર થેરાપી, રંગથેરાપી, બીજ થેરાપી કાર્યક્રમમાં એકયુપ્રેશર પધ્ધતથી કોરોનામાંથી સાજા થયેલા અને કોરોનાથી બચવા માગતા નાગરિકોને ઉપાયો અંગે જાણકારી આપવામાં આવી હતી. 'તમે જાતે જ તમારા ડૉકટર બનો' થીમ આધારિત યોજાયલા આ ઓનલાઈન કાર્યક્રમમાં એકયુપ્રેશર નિષ્ણાંત ગાયત્રીબેન પટેલે વિસ્તૃત માહિતી પુરી પાડી હતી તેમણે મગ, ચણા સહિતના વિવિધ કઠોળના બીજના માધ્યમથી અને રંગ ઉપચારથી નાના મોટા રોગથી બચી શકવાના ઉપાયો પણ જણાવ્યા હતા. આ કાર્યક્રમના આયોજન માટે યોગ કોચ ઈન્સ્ટ્રકટર સોનલ મહેતાએ જહેમત ઉઠાવી હતી અને કાર્યક્રમના સમાપને પરબતપુરાના યોગ ઈન્સ્ટ્રકટર કશ્યપ ગજ્જરે આભાર વ્યકત કર્યો હતો.

આજ રોજ આન ગુજરાત દ્વારા અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં વાવાઝોડાએ વ્યાપક પ્રમાણમાં તારાજી સર્જી છે.તેવા ગ્રામ્ય વિસ્તારના જરૂરીયાતમંદ નાગરીકોને ૪૦૦ અનાજની કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આન ગુજરાતના આ ભગીરથ કાર્યમાં મસાલા સ્પોન્સર તરીકે હાથી મસાલા, રાજકોટ અને જવાહર નવોદય વિદ્યાલના ભુતપૂર્વ વિદ્યાર્થીઓએ ફાળો એકત્ર કરીને આ સુંદર કાર્ય પૂર્ણ કર્યું છે.આ કાર્યમાં આન ગુજરાતની ટીમના વોલન્ટિયર દિપક રાઠોડ, કેવીન બાલધા, સંઘદિપ ચૌહાણ, આકાશ પુજારા, અને યુવરાજસિંહ નો સહયોગ સાંપડ્યો છે. રાજુલાના અંતરીયાળ વિસ્તાર ચાંચ બંદર અને ખેરા ખાતે જાતે નિરિક્ષણ કરી જરુરીયાતમંદ વ્યકિતઓને જરુરી ચીજવસ્તુઓ પુરતા પ્રમાણમાં આપવામાં આવી હતી. એનડીઆરએફની ટીમ સાથે અસરગ્રસ્ત ગામમાં ૩૦ જેટલી કીટનું વિતરણ કર્યું હતું.



## ગાંધીનગરના અગ્રણીઓનું કોરોના દરમ્યાન કરેલ સેવા બદલ વર્લ્ડ બુક ઓફ રેકોર્ડ દ્વારા સન્માન







ગાંધીનગર, તા.૨૪

ભારત સહીત સમગ્ર વિશ્વ જયારે કોરોનાની મહામારી સામે લડી રહ્યું છે ત્યારે ગુજરાતમાં વિવિધ જગ્યાએ લોકો પોતાની શક્તિ પ્રમાણે અને તેનાથી પણ વધારે મદદ કરી રહ્યા છે ત્યારે ગાંધીનગરમાં નગરના અગ્રણીઓ સર્વે દિનેશભાઈ વ્યાસ (આનંદી માં નો વડલો, માણસા), કન્હૈયાલાલ પંડ્યા (સલાહકાર-શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ રાજયકક્ષા), મુકેશભાઈ પંડ્યા પત્રકાર (નિર્મોહી આશ્રમ સેક્ટર-૨૫), રાધે રાધે પરિવાર (કોરોના દર્દીઓને નિઃશુલ્ક ભોજન અંદાજે રોજના ૭૦૦ લોકોને), ઈલેવાન ઠાકર સહીત નગરના તમામ સેવાભાવી અગ્રણીઓ દ્વારા પોતાની શક્તિથી પણ વધારે ઈશ્વર કૃપાથી શક્ય તમામ મદદ કરીને ક્યાંક ને ક્યાંક લોકોની જિંદગી બચાવી રહ્યા છે અને સેવા પરમો ધર્મ ના સૂત્ર ને સાર્થક કરી માનવધર્મ નિભાવી રહ્યા છે. આ તબક્કે લંડન સ્થિત વર્લ્ડ બુક ઓફ રેકોર્ડ દ્વારા નગરના તમામ અગ્રણીઓનું તેમની સમાજ પ્રત્યેની સેવા અને પ્રતિબદ્ધતા બદલ સન્માનપત્ર આપવામાં આવ્યું હતું. સંસ્થાના યુરોપના પ્રેસિડેન્ટ વિલિયમ ઝેચલર, ભારતના પ્રેસિડેન્ટ સંતોષ શુક્લ, વાઈસ પ્રેસિડેન્ટ દિવ્ય ત્રિવેદી , ગુજરાતના પ્રેસિડેન્ટ અશ્વિનભાઈ ત્રિવેદી દ્વારા અગ્રણીઓનું સન્માનપત્ર આપીને સન્માન કરવામાં આવેલ અને તેમની સેવાઓની પ્રશંસા કરેલ.

## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ



**જુઓ, આમને એલોપેથી વિષે કોઈ ચીડ નથી... તમને તો ખબર છે તે કાળા નાણાંના વિરોધી છે અને તેના નામ વાળી રામ-ડે-સીવરનાં કાળા બજાર થયા એટલે એમણે પુણ્ય પ્રકોપ ઠાલવ્યો...!!**

## વાયરસથી છુટકારા માટે ગાયત્રી પરિવારનું ઘરે ઘરે યજ્ઞનું આયોજન

ગાંધીનગર, તા.૨૪

ભારતીય વૈદિક સંસ્કૃતિથી હોમ-હવન-યજ્ઞ વગેરેનું ખૂબ મહત્વ છે અને સુક્ષ્મ જીવાણુંઓના નાશ માટે યજ્ઞને એક સક્ષમ ઉપચાર માનવામાં આવે છે. અત્યારે સમગ્ર વિશ્વમાં કોરોના વાયરસે કહેર મચાવ્યો છે, આ સ્થિતિમાં ઘરે ઘરે યજ્ઞની ઉર્જા ફેલાવવામાં આવે તો વાયરસનો નાશ થઈ શકે અને મહામારીને અટકાવી શકાય તેવું ગાયત્રી શકિતપીઠ પરિવારનું માનવુ છે. આ બાબતને અનુલક્ષીને હરિદ્વાર ખાતેના અખિલ વિશ્વ ગાયત્રી પરિવારના મુખ્ય કેન્દ્ર શાંતિકુંજ ખાતેથી તા. ૨૬મી મે, બુધવારના રોજ સવારે ૮ થી બપોરના ૧૨ કલાક દરમિયાન યજ્ઞ પ્રયોગ અને સાંજે ૬.૩૦ થી ૭.૩૦ દીપ યજ્ઞ દ્વારા ભાગીદારી કરવા જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે તેમાં જોડાવા ગાંધીનગર જિલ્લાના નાગરિકોને પણ સે-૧ ખાતેની ગાયત્રી શકિતપીઠ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

ગાયત્રી શકિતપીઠના યજ્ઞ કાર્યમાં જોડાવા માટે અથવા તે અંગે વધુ માર્ગદર્શન મેળવા સેકટર-૧ ખાતેની શકિતપીઠના ફોન નં. ૮૩૨૦૪૬૩૭૦૨ પર અથવા નજીકના કોઈ ગાયત્રી પરિવાર કાર્યકર્તાનો સંપર્ક સાધવા સંસ્થાની અખબારી યાદીમાં જણાવાયું છે. આ ઉપરાંત અખિલ વિશ્વ ગાયત્રી પરિવારની વેબસાઈટ એડબલ્યુજીપી ડોટ ઓઆરજી પરથી જાણકારી મેળવી શકાશે અને ફેસબુક અથવા યુ ટયુબના માધ્યમથી પણ ઓનલાઈન ભાગ લઈ શકાશે. આ સાથે નાગરિકોને તા. ૨૬મી મે, બુધવારે સવારે દરેક ઘરે યજ્ઞનું આયોજન કરવા ગાયત્રી પરિવાર દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

## સહકર્મચારીનું અવસાન થતાં સુરક્ષા શાખાના સ્ટાફે તેના પરિવારજનોને ૨.૧૧ લાખની મદદ કરી

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગરમાં સરકારના વીવીઆઈપી મહાનુભાવોને સુરક્ષા પુરી પાડવાની ફરજ બજાવતી સુરક્ષા શાખાના અનામત પોલીસ દળ જુથ-૧૨ના સુરક્ષાકર્મી ભૂપેન્દ્રસિંહ દિપસિંહ બારૈયાનું અવસાન થતાં તેમના પરિવારજનોને પડનારી આર્થિક મુશ્કેલીઓ તેમજ તેમના બાળકોના શિક્ષણને અનુલક્ષીને સ્ટાફ મિત્રો દ્વારા રૂ. ૨,૧૧,૦૦૦નો ફાળો એકત્ર કરી પરિવારજનોને આપી માનવતાની મહેંક પ્રસરાવી છે.

પાટનગરમાં રાજયપાલ, મુખ્યમંત્રી સહિતના વીવીઆઈપી અને વીઆઈપીની સુરક્ષા માટે તૈનાત જિલ્લા પોલીસના સુરક્ષા શાખામાં એટેચના ધોરણે ફરજ બજાવતા રાજય અનામત પોલીસ દળ



જુથ-૧૨ના સુરક્ષા કર્મી સ્વ. ભૂપેન્દ્રસિંહ બારૈયાનું તા. ૨૩મી એપ્રિલે અવસાન થયું હતું. તેમના અવસાનને પગલે તેમના પરિવારજનોને ભવિષ્યમાં આર્થિક મુશ્કેલીનો સામનો કરવો પડી શકે છે તેમજ તેમના બાળકોના ભણતરના ખર્ચ માટે પણ તકલીફ પડી શકે છે તેવી શકયતાને જોતા સુરક્ષા શાખાના સહ કર્મચારીઓ દ્વારા મદદરૂપ થવાની અપેક્ષાએ સ્વૈચ્છિક ફાળો ઉઘરાવવામાં આવ્યો હતો. પોતાના સહકર્મીનો પરિવાર આર્થિક ભીંસમાં ના મુકાય તે હેતુથી સ્ટાફ દ્વારા ઉદાર હાથે ફાળો આપવામાં આવ્યો હતો અને જોત જોતામાં રૂ. ૨,૧૧,૦૦૦ની રકમ એકઠી કરી નાયબ પોલિસ અધિક્ષક બી.એ. ચુડાસમાની ઉપસ્થિતિમાં અધિકારીઓ-જવાનોની હાજરીમાં સ્વર્ગસ્થના પરિવારજનોને સુપરત કરી હતી.

## ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી દ્વારા 'રવીન્દ્ર-વંદના' કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૨૪

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના ભાષા અને ભાષા શાસ્ત્ર વિભાગ દ્વારા ૭ મે, ૨૦૨૧ના રોજ રવીન્દ્રનાથ ટાગોરની ૧૬૦મી જયંતિ નિમિત્તે સાહિત્ય સંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત ૧૭ મે ૨૦૨૧ના રોજ સાંજે ૪.૩૦ થી ૬.૧૦ 'રવીન્દ્ર-વંદના' કાર્યક્રમ ઝૂમ પ્લેટફોર્મ પર ઓનલાઈન યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમની ભૂમિકા ડૉ. ભાવેશભાઈ જેઠવા દ્વારા આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં મુખ્ય વકતા તરીકે વિશ્વ ભારતી યુનિવર્સિટી, શાંતિનિકેતન પશ્ચિમ બંગાળના પ્રોફેસર કૈલાસ પટ્ટનાયકે ટાગોરના જીવનકવન વિશે તેમના વિચારો રજૂ કર્યા હતા. ત્યારબાદ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના કુલપતિ હર્ષદભાઈ પ્ર. શાહે પ્રાસંગિક ઉદબોધન કર્યું હતું. તદઉપરાંત યુનિ.ના પ્રાધ્યાપક ડૉ. સંજય પટેલ તથા ડૉ. રાધિકા પંડયાએ પણ ટાગોરસાહિત્ય વિશે તેમના વિચારો રજૂ કર્યા હતા. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા ડૉ. પ્રશાંતભાઈ પટેલ તથા સમગ્ર ભાષા અને ભાષા શાસ્ત્ર વિભાગે જહેમત ઉઠાવી હતી. આ કાર્યક્રમનું જીવંત પ્રસારણ ચિલ્ડ્રન્સ યુનિ.ના ફેસબુક પેઈજ પર કરવામાં આવ્યું હતું.

## ચિરવિદાય

● મુકિતધામ ●

- સ્વ. ઠાકોર રમેશજી સોનાજી, ઉ.વ. ૩૮, લેકાવાડા
- સ્વ. સોલંકી જીતેન્દ્રભાઈ શંકરભાઈ, ઉ.વ. ૪૬, કલોલ
- સ્વ. વાઘેલા કમળાબેન જીકુજી, ઉ.વ. ૭૫, સરગાસણ
- સ્વ. વઢવાણા કૈલાસભાઈ પ્રભુદાસ, ઉ.વ. ૬૬, સેકટર-૨૪
- સ્વ. રાજકોટીયા મનસુખલાલ રતિલાલ, ઉ.વ. ૭૫, સેકટર-૨૪
- સ્વ. ઠાકોર ઉદાજી સરદારજી, ઉ.વ. ૬૩, લાડોલ, વિજાપુર
- સ્વ. રાવલ વિમળાબેન સતરેશ્વરભાઈ, ઉ.વ. ૮૬, સેકટર-૧૨

# કોરોનાગ્રસ્ત સગર્ભા મહિલાને તબીબોની માવજતભરી મહેનતે નવજીવન બક્ષ્યું

ગાંધીનગર, તા.૨૪

કોરોના મહામારીમાં ચારેકોર ચિંતાજનક સ્થિતિ જોવા મળી રહી હતી ત્યારે કેટલીક ઘટનાઓ એવી પણ હતી કે નિરાશાના માહોલમાં પણ માનવીને આશાનું કિરણ દેખાઈ રહ્યું હતું. એક તરફ ઓકિસજન તેમજ બેડની સર્જાયેલી ભારે અછતની પરિસ્થિતિમાં બીજીતરફ અનેક તબિબો દ્વારા પોતાના દર્દીઓને બચાવી લેવા માટે દિવસ-રાત અથાગ પ્રયત્નો કરવાના કિસ્સા પણ જોવા મળ્યા હતા. તબિબોની આ ફરજ નિષ્ઠાને કારણે જ આજે આપણે મહામારી સામે મક્કમ લડત આપી રહ્યા છે. ગાંધીનગરમાં એક ખાનગી હોસ્પિટલમાં એડમીટ પાંચ માસનો ગર્ભ ધરાવતી સગર્ભા મહિલાને તબિબોની માવજતભરી મહેનતના કારણે સગર્ભાને તેના ગર્ભ સહિત નવજીવન પ્રાપ્ત થયું છે.


કોરોનાની બીજી લ્હેરમાં દરેક દર્દીઓની હાલત અત્યંત દયાજનક હતી. સરકારી કે ખાનગી હોસ્પિટલમાં જગ્યા ન હતી. સારવાર લેતા દાખલ દર્દીઓ ગંભીર



પરિસ્થિતિમાં કોરોના સામે જંગ લડી રહ્યા હતા. ઘાતક કોરોનાએ અનેક દર્દીઓનો ભોગ લીધો છે. બીજીતરફ હોસ્પિટલના બિછાને મરણ પથારીએ કોરોના સામે જંગ લડતા દર્દીઓનો જીવ પણ બચાવી લેવાયો છે. ગાંધીનગરની હાઈ-ટેક હોસ્પિટલમાં કોરોનાની સારવાર લેતા પાંચ માસનો ગર્ભ ધરાવતા ૩૦ વર્ષિય ગર્ભવતી મહિલાને તબિબિ પ્રયાસના અંતે અને સઘન સારવાર બાદ મોતના મુખમાંથી બચાવી લેવાઈ છે ત્યારે હાલ કોરોના મુકત સગર્ભા પોતાના પરિવાર સાથે હરખથી સમય પસાર કરી રહી છે.

શહેરના સેકટર-૨ એ ખાતે રહેતા રોશનીબેન પટ્ટણીને ગત તા.૨૫ એપ્રિલના રોજ કોરોના પોઝીટીવ આવ્યો હતો. ત્યારબાદ તેમની તબિયત લથડતા તેણીને હાઈટેક હોસ્પિટલ સારવાર માટે એડમીટ કરવા પડ્યા હતા. સગર્ભા હોવાથી કોરોનાની સારવાર કરવી તબિબો માટે પણ પડકારજનક હતું. ત્યારે હાઈટેકના તબિબોની ટીમ ડો. પાર્થ પટેલ, ડો.કૃણાલ પટેલ, ડો.દ્રષ્ટિ પટેલ, ડો.માનસી પંડયા, ડો.દર્શન પ્રજાપતિ, ડો.કેયુર પટેલ અને સિસ્ટર તેજલ સહિતનો સ્ટાફ કામે લાગી ગયો હતો. ત્યારે રોશનીબેનની તબિયત લથડતા તેમને બે દિવસ બાયપેપ પર રાખી સારવાર આપી હતી.પરંતુ કોઈ સુધારો થતો ન હતો. ત્યારબાદ તેઓને ગત તા.૩૦ ના રોજ વેન્ટીલેટર પર લેવાની ફરજ પડી હતી. તેમની તબિયત અત્યંત નાજુક હતી. તેઓને ઓકિસજનની સંપૂર્ણ જરુરીયાત હતી. પરિવારના સભ્યો પણ શું કરવુ અને શું ન કરવું તેની મથામણમાં હતા. ત્યારે તબિબોની ટીમ કોરોનાની જરુરી તમામ ટ્રીટમેન્ટ શરુ કરી દીધી હતી. રોશનીબેનને ગળામાં કાણું પાડીને પ્રવાહી આપવામાં આવતું હતું. આવી પરિસ્થિતિ વચ્ચે દર્દીની તબિયતમાં ચડાવ-ઉતાર વચ્ચે તબિબોની મહેનત રંગ લાવી હતી. રોશનીબેન ધીમેધીમે સ્વસ્થ થવા લાગ્યા હતા. ૧૨ દિવસ જેટલો સમયે વેન્ટીલેટર પર રહ્યા બાદ સુધારો આવ્યો હતો. હાઈટેક હોસ્પિટલમાં છેલ્લા ૨૫ દિવસથી સારવાર હેઠળ રહેલા રોશનીબેન હાલ સંપૂર્ણ સ્વસ્થ છે. તેઓ કોરોના સામેનો જંગ જીતી ગયા છે. રોશની બેન અને તેમના પરિવારે પણ હાઈટેક હોસ્પિટલ અને તબિબો સહિત તમામ ટીમનો આભાર વ્યકત કર્યો હતો.

## જન્મદિને વધામણી



મોનિકા ઠક્કર
પત્રકાર, ગાંધીનગર સમાચાર
મો. ૭૯૯૦૪ ૮૬૨૧૯



રમેશભાઈ એસ. વાળંદ
મો. ૭૫૬૭૦ ૭૮૨૮૨



ડો. પરાગી ગાંધી
પેથોલોજીસ્ટ
ઝોન વાઈસ પ્રેસીડેન્ટ,
જુનિયર ચેમ્બર ઈન્ટરનેશનલ
મો. ૯૮૨૫૫ ૬૩૯૯૦



રસીલાબેન
કનુભાઈ પંચાલ
મો. ૯૫૧૨૨ ૫૩૨૫૧



હાર્દિક જે. દરજી
મો. ૯૭૧૨૯ ૪૨૦૩૮

## ખૂણેખાંચરેથી

● ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના સંક્રમણ બાદ હજુ પણ સન્નાટો સવાયેલો જોવા મળી રહ્યો છે.

● જિલ્લાના ગ્રામ્ય વિસ્તારના દર્દીઓમાં પણ મ્યુકરમાઈકોસિસના કેસો છુટાછવાયા દેખાયા છે.

● ગાંધીનગર શહેરમાં બે દિવસની રજા બાદ આજથી ઓફિસો પુનઃ આરંભાઈ છે પરંતુ ટ્રાફિકનું થોડુક ભારણ વધ્યુ હતુ અને ઓફિસો તેમજ બજારો ખાલીખમ ભાસતા હતા.

● જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૧૨૮૦ લોકોને વેક્સિનેશન અભિયાનમાં આવરી લેવાયા હતા.

● ગાંધીનગર શહેરમાં આજે ૩૭૫૦ યુવાઓ ૧૮+ ને વેક્સિનેશન અભિયાનમાં આવરી લેવાયા હતા.

● રાજ્ય સરકાર દ્વારા જિલ્લાના ચાર માર્કેટ યાર્ડોમાં ટેકાના ભાવે ઘઉં સહિત ચણા અને અન્ય પાકોની ખરીદી શરૂ કરાઈ.

● કેન્દ્ર સરકારે ૧૮+ માટે રજીસ્ટ્રેશન ફરજીયાત નહિ હોવાનું કહ્યું તો રાજ્ય સરકારે રજીસ્ટ્રેશન કરાવવુ જ પડશે તે વાતનો પુનરોચ્ચાર કર્યો છે.